# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 03-08-2025** **MIDDAY: 1.20 TO 1.30**

**Day : SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

***************************************************

1. ભાવનગરથી અયોધ્યાની ટ્રેનના આરંભે રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે પોરબંદર અને રાજકોટ વચ્ચેની બે નવી ટ્રેન સહિતની વિવિધ સુવિધાઓની જાહેરાત કરી.
2. ઉત્તર પ્રદેશના ગોંડામાં કાર નહેરમાં ખાબકતાં અગિયારના મોત.
3. ભારતીય સમુદાયની સુવિધા માટે હ્યુસ્ટનમાં એક નવું ભારતીય કોન્સ્યુલર એપ્લિકેશન સેન્ટર શરૂ.
4. ઇઝરાયેલ સાથેના સંઘર્ષ દરમિયાન બંધ કરાયેલુ હવાઇ ક્ષેત્ર ઈરાને ફરી શરૂ કર્યું.
5. ઓવલ ટેસ્ટ જીતવા ભારત અને ઇંગ્લેડની ટીમો આજે એડિચોટીનું જોર લગાવશે.

.....................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# BHAVNAGAR ASHWINI VAISHNAV

ભાવનગરથી અયોધ્યાની ટ્રેનના પ્રસ્થાન પ્રસંગે ભાવનગર આવેલા કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે પોરબંદર અને રાજકોટ વચ્ચે વાંસજાળિયા અને જેતલસર થઈને બે નવી ટ્રેન સેવાઓ શરૂ કરવાની જાહેરાત કરી છે. આ પૈકી એક ટ્રેન દરરોજ ચાલશે અને બીજી ટ્રેન અઠવાડિયામાં પાંચ દિવસ ચાલશે.

## બાઇટ- અશ્વિની વૈષ્ણવ (NEW TRAIN)

પ્રવાસીઓની સુવિધામાં વધારો અને કનેક્ટિવિટીને વધુ મજબૂત બનાવવાના ઉદેશ્ય સાથે સરાડીયા અને વાંસજાળિયા વચ્ચે નવી રેલવે લાઈન માટે સર્વે ને મંજૂરી આપવામાં આવી છે. આ ઉપરાંત અન્ય કામની પણ રેલવે મંત્રીએ જાહેરાત કરી હતી.

## બાઇટ- અશ્વિની વૈષ્ણવ (NEW ANNOUNCEMENT )

આ કાર્યક્રમમાં ઉપસ્થિત કેન્દ્રીય મંત્રી ડોક્ટર મનસુખ માંડવિયાએ કહ્યું હતું કે રાજકોટ, પોરબંદર અને જુનાગઢ જિલ્લામાં ઉભી થનાર આ સુવિધાથી આ વિસ્તારનાં લોકોનુ જીવન વધુ સરળ બનશે.

## બાઇટ- ડો. મનસુખ માંડવિયા

ભાવનગરથી અયોધ્યાની ટ્રેન શરૂ થતાં ભાવનગરના સાંસદ અને કેન્દ્રીય રાજ્યમંત્રી નિમુબેન બાંભણિયાએ તેને ઐતિહાસિક ક્ષણ ગણાવી હતી. આ પ્રસંગે રેવા-પૂર્ણ અને રાયપુર - જબલપુરની ટ્રેનોને પણ લીલી ઝંડી દર્શાવીને શરૂ કરવામાં આવી હતી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## UP - ACCIDENT

ઉત્તરપ્રદેશમાં, આજે સવારે ગોંડામાં થયેલા એક માર્ગ અકસ્માતમાં ઓછામાં ઓછા 11 લોકોના મોત થયા છે અને ચાર ઇજાગ્રસ્ત થયા છે. પોલીસના જણાવ્યા અનુસાર, પૃથ્વીનાથ મંદિર જઈ રહેલું 15 લોકોથી ભરેલું એક વાહન સરયુ નહેર પુલ પાસે કાબુ ગુમાવીને નહેરમાં પડી ગયું હતું. ઇતિયાથોક પોલીસ સ્ટેશનના ઇન્ચાર્જ કે જી રાવે માહિતી આપી હતી કે નહેરમાંથી 11 મૃતદેહ મળી આવ્યા છે. ચાર લોકોને સુરક્ષિત રીતે બચાવી લેવામાં આવ્યા છે.

મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે અકસ્માત પર દુઃખ વ્યક્ત કર્યું છે અને મૃતકોના પરિવારજનો માટે પાંચ લાખ રૂપિયાની સહાયની જાહેરાત કરી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# KULGAM -ENCOUNTER

જમ્મુ અને કાશ્મીરના કુલગામ જિલ્લામાં આતંકવાદીઓ સામે સુરક્ષા દળોનું ઓપરેશન સતત ત્રીજા દિવસે ચાલુ રહેલા અથડામણ દરમિયાન સુરક્ષા દળોએ 3 આતંકવાદીઓને ઠાર માર્યા છે.

શુક્રવારે કુલગામના અખાલ જંગલ વિસ્તારમાં ગુપ્ત માહિતીના આધારે સૈન્યદળ, સીઆરપીએફ અને જમ્મુ અને કાશ્મીર પોલીસની સંયુક્ત ટીમે સર્ચ ઓપરેશન શરૂ કર્યું, આ અથડામણમાં એક આતંકવાદી માર્યો ગયો હતો, જ્યારે બીજો આતંકવાદી શનિવારે અને આજે ત્રીજો આતંકવાદી પણ માર્યો ગયો છે. પોલીસ અધિકારીઓનું કહેવું છે કે હજુ પણ આ વિસ્તારમાં વધુ આતંકવાદીઓ છુપાયેલા હોઈ શકે છે, તેથી શોધ અભિયાન ચાલુ રહેશે.

પહેલગામ હુમલા પછી, સુરક્ષા દળોએ માત્ર આતંકવાદીઓ જ નહીં પરંતુ તેમના સહયોગીઓ, ઓવરગ્રાઉન્ડ વર્કર્સ અને સમર્થકો સામે પણ ઝુંબેશ વધુ તીવ્ર બનાવી દીધી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## I-DAY-DELHI-POLICE

દિલ્હી પોલીસે સ્વતંત્રતા દિવસની ઉજવણીને ધ્યાનમાં રાખીને 16 ઓગસ્ટ સુધી દિલ્હીમાં પરંપરાગત ઉપકરણોના ઉડાન પર પ્રતિબંધ મૂક્યો છે. દિલ્હી પોલીસને મળેલી માહિતી અનુસાર કેટલાક અસામાજિક તત્વો અને આતંકી પેરાગ્લાઇડર્સ,  માનવરહિત હવાઈ ઉપકરણો અને હોટ એર બલૂન જેવા ઉપકરણોનો દુરુપયોગ કરી સુરક્ષા માટે ખતરો ઉભો કરી શકે છે. આને ધ્યાનમાં રાખીને, દિલ્હી પોલીસ કમિશનરે ગઈકાલે જાહેરનામું બહાર પાડ્યું હતું.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# INDIA - CONSULAR APPLICATION CENTRE

હ્યુસ્ટનમાં ભારતના કોન્સ્યુલેટ જનરલે ડલ્લાસ, ટેક્સાસ, યુએસમાં એક નવું ભારતીય કોન્સ્યુલર એપ્લિકેશન સેન્ટર (ICAC) શરૂ કરવાની જાહેરાત કરી છે. આ સેન્ટર ડલ્લાસ-ફોર્ટ વર્થ વિસ્તારમાં રહેતા બહોળા ભારતીય સમુદાય માટે કોન્સ્યુલર સેવાઓનો ઉપયોગ કરવાનું સરળ બનાવશે.

આ સેન્ટરનું વર્ચ્યુઅલી ઉદ્ઘાટન અમેરિકામાં ભારતના રાજદૂત વિનય ક્વાત્રા દ્વારા કરવામાં આવ્યું હતું અને ડલ્લાસમાં આયોજિત કાર્યક્રમનું નેતૃત્વ કોન્સ્યુલ જનરલ ડી.સી. મંજુનાથ, સ્થાનિક અધિકારીઓ અને ભારતીય-અમેરિકન સમુદાયના સભ્યો દ્વારા કરવામાં આવ્યું હતું.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# INDIA AT WORLD EXPO - JAPAN

જાપાનના ઓસાકામાં યોજાયેલા વિશ્વ એક્સ્પો 2025માં ગઈકાલે 20 હજારથી વધુ લોકો "ભારત મંડપ" નામના કાર્યક્રમની મુલાકાત લીધી હતી અને ભારતનો સાંસ્કૃતિક વારસો, અવકાશ સિદ્ધિઓ અને હસ્તકલા પ્રદર્શિત કરી હતી. જાપાનમાં ભારતીય દૂતાવાસે એક સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે મુલાકાતીઓએ ભારતની સદીઓ જૂની સર્વાંગી સ્વાસ્થ્ય યાત્રા દર્શાવતા યોગ સત્રનો પણ અનુભવ કર્યો હતો.

એક્સ્પોમાં અન્ય આકર્ષણોમાં 'ચંદ્રયાન ઝોન'નો સમાવેશ થાય છે જેમાં અવકાશ સંશોધન અને ચંદ્ર મિશનમાં ભારતની અગ્રણી સિદ્ધિઓ દર્શાવવામાં આવી છે. જમ્મુ અને કાશ્મીરના અખરોટના લાકડાની કોતરણી અને ઓડિશાની તારકાશી કલા પ્રદર્શિત કરવામાં આવી હતી.

આ પ્રદર્શન આ વર્ષે 13 ઓક્ટોબર સુધી ચાલશે. 160 થી વધુ દેશો અને 9 આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ તેમાં ભાગ લઈ રહી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# IRAN-AIRSPACE

ઈરાને પોતાનું હવાઈ ક્ષેત્ર ફરી શરૂ કરી દીધું છે. ઈઝરાયલ સાથેના સંઘર્ષ દરમિયાન ઈરાને પોતાના હવાઈ ક્ષેત્ર પર આ પ્રતિબંધો લાદ્યા હતા. ઈરાનના નાગરિક ઉડ્ડયન સંગઠન અનુસાર, તેહરાનના મેહરાબાદ આંતરરાષ્ટ્રીય વિમાનમથક પર ફ્લાઇટ કામગીરી શરૂ થઈ છે.

ઉલ્લેખનીય છે કે ઈરાને તેહરાન અને અન્ય વિસ્તારો પર ઈઝરાયલી હવાઈ હુમલા બાદ 13 જૂને પોતાનું હવાઈ ક્ષેત્ર બંધ કરી દીધું હતું.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# AFGHAN-PAK

પાકિસ્તાનના ઉત્તરપશ્ચિમ ખૈબર પખ્તુનખ્વા પ્રાંતમાં રહેતા અને જેમના નોંધણી પુરાવા કાર્ડ **30** જૂનના રોજ સમાપ્ત થઈ ગયા હોય તેવા અફઘાન નાગરિકોને વિલંબ કર્યા વિના દેશ છોડી દેવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે એક સત્તાવાર જાહેરનામામાં જણાવાયું છે કે **30** જૂન, **2025** ના રોજ સમાપ્ત થયેલા પીઓઆર કાર્ડ ધરાવતા અફઘાન નાગરિકોનો પાકિસ્તાનમાં રોકાણ ગેરકાયદેસર ગણવામાં આવશે.

તેમાં ઉમેર્યું છે કે ગૃહ મંત્રાલયે **31** જુલાઈના રોજ પીઓઆર કાર્ડધારકો માટે સ્વદેશ પરત ફરવાનો નિર્ણય લીધો હતો, અને તેમના રોકાણમાં વધુ કોઈ વધારો કરવામાં આવ્યો નથી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## BALOCH- INDEPENDENCE

અગ્રણી બલૂચ માનવાધિકાર રક્ષક મીર યાર બલોચે કહ્યું છે કે પાકિસ્તાની દળો દ્વારા લાદવામાં આવેલા પ્રતિબંધો છતાં, બલૂચિસ્તાન 11 ઓગસ્ટના રોજ રાષ્ટ્રીય સ્વતંત્રતા દિવસની ઉજવણી માટે ઉત્સાહપૂર્વક તૈયારી કરી રહ્યું છે.

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર એક પોસ્ટમાં, તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે બલૂચિસ્તાન કોઈપણ ગેરકાયદેસર નિર્દેશોનું પાલન કરવા માટે બંધાયેલ નથી. મૂળભૂત અધિકારથી વંચિત રાખનારા તત્વો તેમની આ ઉજવણી રોકી શકશે નહીં.. બલૂચિસ્તાનના લોકો વતી, તેમણે ફરી એકવાર પાકિસ્તાનને બલૂચ ભૂમિ પરથી શાંતિપૂર્ણ રીતે તેના દળો પાછા ખેંચવાની તક આપી છે.

બલૂચિસ્તાનના વિવિધ માનવાધિકાર સંગઠનોએ વારંવાર પ્રાંતમાં પાકિસ્તાની દળો દ્વારા કરવામાં આવેલા દમનને વિશ્વ સમક્ષ રજૂ કર્યું છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## CRICKET- IND-ENG TEST

ક્રિકેટમાં, આજે લંડનના ઓવલ પર રમાઇ રહેલી ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચે પાંચમી અને અંતિમ ટેસ્ટ મેચના ચોથા દિવસ પર સૌની નજર છે. આ મેચ જીતવા બંને ટીમો એડીચોટીનું જોર લગાવી રહી છે ત્યારે આજનો ચોથો દિવસ રોમાચંક રહેશે..

આજે યજમાન ટીમ 1 વિકેટે 50 રનના સ્કોર પર પોતાનો બીજો દાવ ફરી શરૂ કરશે, ભારત દ્વારા નિર્ધારિત 374 રનના વિશાળ લક્ષ્યનો પીછો કરવા માટે તેને 324 રનની જરૂર છે. મેચ ભારતીય સમયાનુસાર બપોરે 3:30 વાગ્યે શરૂ થશે.

અગાઉ, ભારતે પોતાની બીજી ઇનિંગમાં 396 રન બનાવ્યા હતા, જેમાં યશસ્વી જયસ્વાલના શાનદાર 118 રન અને આકાશ દીપ, રવિન્દ્ર જાડેજા અને વોશિંગ્ટન સુંદરની મહત્વપૂર્ણ અડધી સદીનો સમાવેશ થતો હતો. જોશ ટોંગે પાંચ વિકેટ ઝડપીને ઇંગ્લેન્ડના બોલિંગ આક્રમણનું નેતૃત્વ કર્યું હતું, જ્યારે ગુસ એટકિન્સને ત્રણ વિકેટ લીધી હતી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# TABLE TENNIS - STAR CONTENDER BRAZIL

ટેબલ ટેનિસમાં, બ્રાઝિલમાં રમાઇ રહેલી WTT સ્ટાર કન્ટેન્ડર 2025માં ભારતનું ઉત્તમ પ્રદર્શન જોવા મળી રહ્યું છે. માનુષ શાહ અને દિયા ચિતાલે આજે રાત્રે મિક્સ ડબલ્સની ફાઇનલમાં ભાગ લેવા સજ્જ છે. આ મેચ ભારતીય સમય મુજબ રાત્રે 9:00 વાગ્યે શરૂ થશે. 10 મી વિશ્વ ક્રમાંકિત આ ભારતીય જોડીએ ક્વાર્ટર ફાઇનલ અને સેમિફાઇનલ બંનેમાં ચિલીની ટીમો પર જીત મેળવીને ફાઇનલમાં પ્રવેશ કર્યો.

હવે તેઓ આજે જાપાનની જોડી સાતોશી આઈડા અને હોનોકા હાશિમોટો સામે ટકરાશે. પુરુષોની ડબલ્સમાં, ભારતની ટોચની ક્રમાંકિત જોડી માનવ ઠક્કર અને માનુષ શાહ જર્મની સામે ફાઇનલમાં હાર્યા બાદ રનર્સ-અપ રહી. હવે તમામની આશા આજે મિક્સ ડબલ્સની ફાઇનલ પર ટકેલી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## GUJARAT - KERALA- WEATHER

હવામાન વિભાગે ગુજરાતના આઠ જિલ્લાઓ માટે ઓરેન્જ એલર્ટ જારી કર્યું છે. આ જિલ્લાઓમાં મધ્યમ વરસાદ અને ગાજવીજ સાથે વરસાદની વરસાદ પડવાની શક્યતા છે. વિભાગે રાજ્યના 15 જિલ્લાઓ માટે યલો એલર્ટ પણ જારી કર્યું છે.

હવામાન વિભાગે કેરળના ચાર જિલ્લાઓ માટે ઓરેન્જ એલર્ટ જારી કર્યું છે. સોમવારે ત્રણ જિલ્લામાં ઓરેન્જ એલર્ટ રહેશે. આજે છ જિલ્લાઓ અને સોમવારે 11 જિલ્લાઓ માટે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આજે અને કાલે કેરળના વિવિધ સ્થળોએ ભારે વરસાદની આગાહી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .